પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૩ | ૩ જુન, ૨૦૨૨, શુક્રવાર; જયેષ્ઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

હાહાકાર : કાશ્મીરમાં વધુ એક આતંકી હત્યા

કુલગામમાં આતંકીઓએ બેંકના કર્મચારીની ગોળી મારી હત્યા કરી : કાશ્મીરમાં ફરી વાર હિન્દુ નાગરિકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે : બેંક મેનેજર વિજય કુમારની હત્યા બાદ સુરક્ષાકર્મી એલર્ટ : આખા વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો અને હુમલાખોરોની શોધ શરૂ કરી દેવામાં આવી છે

જમ્મુ, તા.૨

જમ્મુ કાશ્મીરમાં ફરી એક વખત હિન્દુ નાગરિકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. કુલગામમાં એક બેંક કર્મચારીની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે.

રાજસ્થાનના નિવાસી વિજય કુમાર ઘાટીમાં બેંક મેનેજર તરીકે કામ કરી રહ્યા હતા. શંકાસ્પદ આતંકવાદીઓએ દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં તેમની હત્યા કરી દીધી છે. એક શીર્ષ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, કુલગામમાં ઈલાકાહી દેહાતી બેંકના મેનેજર વિજય કુમાર પર આજે સવારે જિલ્લાના આરેહ વિસ્તારમાં આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આતંકવાદીઓએ તેમના પર ગોળી ચલાવી હતી ત્યારબાદ તેમને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

કુલગામની આ ઘટના એવા સમયે સામે આવી છે જ્યારે ઘાટીમાં આતંકવાદીઓ દ્વારા બહારના લોકો, કાશ્મીરી પંડિતો અને હિન્દુઓને સતત નિશાન બનાવવામાં આવ્યા છે. આ અઠવાડિયામાં આ નાગરિકો પર થયેલો બીજો હુમલો છે. આ અગાઉ કુલગામ જિલ્લામાં જ રજની બાલા નામની એક

● અનુસંધાન પાન-૭ પર

બેંક મેનેજરના ત્રણ માસ પહેલાં જ લગ્ન થયા હતા

વિજય કુમારના ગામમાં શોકનો માહોલ : વિજય કુમાર રાજસ્થાનના ગામ ભગવાનના રહેવાસી હતા, મુખ્યપ્રધાન ગહેલોતે મોત પર શોક વ્યક્ત કર્યો

કુલગામ, તા.૨

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓના કાયરતા પૂર્વક હુમલા બંધ થવાનું નામ નથી લેતા. ગુરૂવારે આતંકવાદીઓએ કુલગામમાં એક બેંકમાં ઘૂસીને મેનેજરની ગોળી મારી દીધી હતી. બેંક મેનેજર વિજય કુમારનું સારવાર દરમિયાન મૃત્યુ થઈ ગયું હતું. વિજય કુમાર રાજસ્થાનના નિવાસી હતા. તેમના ૩ મહિના પહેલા જ લગ્ન થયા હતા. વિજય કુમાર કુલગામના મોહનપરા ખાતે ઈલાકી દેહાતી બેંકમાં તૈનાત હતા. વિજય કુમાર પર હુમલાનો વીડિયો પણ સામે આવ્યો છે. તેમાં જોઈ શકાય છે કે, એક આતંકવાદી બેંકમાં દાખલ થાય છે. તે થોડા સમય સુધી બેંકના ગેટ પર ઊભો રહીને રાહ જુવે છે ત્યારબાદ પિસ્તોલ કાઢીને વિજય કુમાર પર ફાયરિંગ કરે છે. ગોળી વાગવાથી વિજય કુમારનું મૃત્યુ થઈ જાય છે. વિજય કુમાર બેનીવાલ જિલ્લાના નોહર તહસીલ ગામ ભગવાનના રહેવાસી હતા. તેમના પિતાનું નામ ઓમપ્રકાશ બેનીવાલ છે. તેઓ એક શિક્ષક છે. વિજય કુમારના ત્રણ મહિના પહેલા જ લગ્ન થયા હતા. તેમના મૃત્યુના સમાચારથી ગામમાં શોકની લાગણી ફેલાઈ છે.

રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે વિજય કુમારના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે,

કુલગામમાં કાર્યરત હનુમાનગઢ રાજસ્થાનના નિવાસી વિજય કુમારની આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી અત્યંત નિંદનીય છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે, તેઓ તેમના આત્માને શાંતિ આપે અને તેમના પરિવારને હિંમત આપે.

તેમણે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા લખ્યું કે, એનડીએ સરકાર કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવામાં અસમર્થ રહી છે. કેન્દ્ર સરકાર કાશ્મીરમાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરે.

દેશમાં 'પીએમ શ્રી' શાળાઓ શરૂ કરાશે

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની જાહેરાત : દરેક મંત્રીઓ અને રાજ્ય સરકારોને નવી શિક્ષણ પદ્ધતિ અને પીએમ શ્રી શાળા માટે જરૂરી સૂચનો આપવા અપીલ

ગાંધીનગર, તા.૨

નવી શિક્ષણ નીતિના ભાગરૂપે ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં નવી સરકારી શાળાઓ શરૂ કરશે અને આ શાળાઓને પીએમ શ્રી શાળા તરીકે ઓળખવામાં આવશે એવી જાહેરાત કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે ગાંધીનગર ખાતે કરી હતી. ગાંધીનગર ખાતે દેશભરની રાજ્ય સરકારોના શિક્ષણ મંત્રીઓની પરિષદમાં ભાગ લેતા મંત્રીએ આ જાહેરાત કરી હતી. "ભારત એક જ્ઞાન આધારિત અર્થતંત્ર બને તેનો પાયો શાળાકીય શિક્ષણ રહેશે. પીએમ શ્રી શાળાઓ ભવિષ્યના વિધાર્થીઓની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સુસજ્જ હશે," એમ પ્રધાને જણાવ્યું હતું.

"૨૧મી સદી માટે જરૂરી જ્ઞાન અને કુશળતાથી આગામી પેઢીને અળગી કરી શકાય નહી. હું દરેક મંત્રીઓ અને રાજ્ય સરકારોને આ નવી શિક્ષણ પદ્ધતિ અને પીએમ શ્રી શાળા માટે જરૂરી સૂચનો આપવા માટે અરજ કરું છું," એમ મંત્રીએ પરીષદને સંબોધન કરતા ઉમેર્યું હતું. નવી શિક્ષણ નીતિ અનુસાર ૫ ૩ ૩ ૩ સીસ્ટમ અનુસાર શિક્ષણ આપવામાં આવશે જેમાં શાળા પહેલાથી લઈ માધમિક શિક્ષણ, શિક્ષકોને તાલીમ, વયસ્કોને

● અનુસંધાન પાન-૭ પર

કેન્દ્ર દ્વારા એજન્સીને બનાવટી કેસો તૈયાર કરવાના આદેશ અપાયા : કેજરીવાલ

આપ નેતાઓને એક પછી એક જેલમાં પૂરવાની જગ્યાએ બધાં જ મંત્રીઓ-સાંસદોને સાથે જેલમાં પૂરો : કેજરીવાલ

નવી દિલ્હી, તા.૨

દિલ્હીના સ્વાસ્થય મંત્રી અને નાયબ પ્રધાન મનીષ

સિસોદિયા ઉપર મની લોન્ડરિંગનો આરોપ લાગતા તેમની ધરપકડ કરવામાં આવી છે. આ મુદ્દે સીએમ અરવિંદ કેજરીવાલે ગુરૂવારના રોજ પ્રેસ કોન્ફરન્સ યોજીને કેન્દ્ર સરકાર ઉપર નિશાન તાકતા કહ્યું હતું કે, 'મારી પ્રધાનમંત્રીને હાથ જોડીને વિનંતી છે કે તેઓ આપના નેતાઓને એક પછી એક જેલમાં પૂરવાની જગ્યાએ બધાં જ મંત્રીઓ અને સાંસદોને એક સાથે જ જેલમાં પૂરી દે. તમામ એજન્સીઓને કહી દો કે એક સાથે જ બધી તપાસ કરી દે. તમે એક એક મંત્રીની ધરપકડ કરો છો તેનાથી પ્રજાના કાર્યો અટકે છે.' અરવિંદ કેજરીવાલે પોતાનો પક્ષ રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'મને લાગે છે કે સરકાર સત્યેન્દ્ર જૈન અને મનીષ સિસોદિયાને બનાવટી કેસમાં જેલમાં પૂરીને દિલ્હીમાં શિક્ષણ અને હેલ્થના ક્ષેત્રમાં થતાં સારા કાર્યોને રોકવા માગે છે પરંતુ ચિંતા ન કરો હું આવું નહિં થવા દઉ. બધાં જ સારા કાર્યો થતા રહેશે.'

સોનિયા કોરોના પોઝિટિવ, પોતાને આઈસોલેટ કર્યા

કોંગ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ૮ જૂનના રોજ ઈડી સમક્ષ હાજર થવાનું શિડ્યુલ રાબેતા મુજબ જ છે

નવી દિલ્હી, તા.૨

કોંગ્રેસના પ્રેસિડેન્ટ સોનિયા ગાંધીનો કોવિડ-૧૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ગુરુવારે કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે, તેઓને સામાન્ય તાવ હતો, આ ઉપરાંત સામાન્ય લક્ષણો પણ જોવા મળ્યા હતા, જે બાદ તેઓએ પોતાને આઈસોલેટ કરી દીધા છે. તેઓને જરૂરી મેડિકલ સારવાર આપવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, સોનિયા ગાંધી કોરોનો પોઝિટિવ થવાના સમાચાર એ સમયે આવ્યા છે કે, જ્યારે એક દિવસ પહેલાં જ નેશનલ હેરાલ્ડ કેસ મામલે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે (ઈડી) સોનિયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધી વિરુદ્ધ સમન્સ પાઠવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ૮ જૂનના રોજ સોનિયા ગાંધીને ઈડી સમક્ષ હાજર થવાનું છે. જે અંગે કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૮ જૂનના રોજ ઈડી સમક્ષ હાજર થવાનું શિડ્યુલ રાબેતા મુજબ જ છે. આ ઉપરાંત સોનિયા ગાંધીની તબિયત અંગે જણાવતાં સુરજેવાલાએ કહ્યું કે, મોટી સંખ્યામાં કોંગ્રેસના પુરુષો અને મહિલાઓ તેમજ શુભેચ્છકો દ્વારા ચિંતા વ્યક્ત કરી છે, અમે તમને જણાવવા માગીએ છીએ કે, તેમની તબિયત સારી છે અને તે રિકવર થઈ રહ્યા છે. અમે તમામ લોકોનો તેમની શુભેચ્છા માટે આભાર માનીએ છીએ.

વોઈસ ઓફ લવ સિંગર કેકે પંચમહાભૂતમાં વીલિન થયા

મુંબઈના વર્સોવા હિન્દુ સ્મશાનમાં કેકેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા, કેકેના દીકરાએ પિતાને મુખાગ્નિ આપી

મુંબઈ, તા.૨

'વોઈસ ઓફ લવ' તરીકે ઓળખાતાં સિંગર કેકે (કેકે) પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા છે. ૩૧ મેએ લાઈવ કોન્સર્ટ વખતે હાર્ટ અટેક આવતાં કેકેનું અવસાન થયું હતું. કોલકાતામાં તેઓ પર્ફોર્મ કરી રહ્યા હતા એ વખતે જ તેમની તબિયત લથડી હતી અને હોસ્પિટલ પહોંચે તે પહેલા જ મોત થયું હતું. પોસ્ટમોર્ટમ બાદ બુધવારે રાત્રે કેકેના પાર્થિવ દેહને મુંબઈ લવાયો હતો. આજે એટલે ગુરુવારે મુંબઈના વર્સોવા હિન્દુ સ્મશાનમાં કેકેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. કેકેના દીકરાએ પિતાને મુખાગ્નિ આપી હતી.

કેકેના નિધનથી મ્યૂઝિક ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હરિહરન, અભિજીત ભટ્ટાચાર્જી, શ્રેયા ઘોષાલ, સલીમ મર્ચન્ટ, અલકા યાજ્ઞિક, શંકર મહાદેવન, જાવેજ અખ્તર, હર્ષદીપ કૌર, રાહુલ વૈદ્ય, સુદેશ ભોંસલે, જાવેદ અલી, વિશાલ ભારદ્વાજ, મિનિ માથુર, કબીર ખાન સહિતના સેલિબ્રિટીઝ કેકેના અંતિમ દર્શન માટે સ્મશાન ખાતે આવ્યા હતા. કેકેના પરિવાર અને મિત્રોએ ભીની આંખે તેમને વિદાય આપી હતી. ૫૩ વર્ષીય સિંગર કોલકાતાના નાઝરુલ માંચામાં લાઈવ કોન્સર્ટ કરી રહ્યા હતા. એ વખતે તેમણે છાતીમાં દુઃખાવાની ફરિયાદ કરી હતી. જે બાદ તેમને હોટેલના રૂમમાં લઈ જવાયા હતા. ત્યાં તેઓ બેભાન થઈ જતાં તાત્કાલિક સીએમઆરઆઈ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેમનું નિધન થયું હતું. કોલકાતામાં તેમનું પોસ્ટમોર્ટમ પૂરું થયા પછી પરિવાર તેમના પાર્થિવ દેહને મુંબઈ લઈને આવ્યો હતો. એ પહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કેકેને શ્રદ્ધાંજલી પાઠવી હતી. કેકેનો પાર્થિવ દેહ કોલકાતાના રબીન્દ્ર સદનમાં રાખાવામાં આવ્યો હતો જ્યાં પશ્ચિમ બંગાળ સરકારે બંદૂકની સલામી આપી હતી.

ભારતીય મ્યૂઝિક ઈન્ડસ્ટ્રીના સૌથી વર્સેટાઈલ સિંગર પૈકીના એક કેકે હતા. તેમણે, ગુજરાતી, હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ, બંગાળી સહિતની કેટલીય ભાષામાં ગીતો ગાયા હતા. કેકેના નિધન બાદ હવે તેમની પત્ની, દીકરો અને દીકરી એકલા પડી ગયા છે.

અમેરિકામાં ફરી ફાયરિંગ : ૪નાં મોત

ઓક્લાહોમા હોસ્પિટલ પરિસરમાં ફાયરિંગમાં હુમલાખોર પણ માર્યો ગયો છે : આ અગાઉ ઉવાલ્ડે ટેક્સાસના રોબ એલિમિન્ટ્રી સ્કૂલમાં ઘટેલી ફાયરિંગની ઘટનામાં ૧૯ માસૂમ ભૂલકાઓ સહિત ૨૧ લોકોના મોત થયા હતા

વૉશિંગ્ટન,તા.૧

અમેરિકામાં સતત ફાયરિંગની ઘટનાઓ સામે આવી

રહી છે. વધતા ગન કલ્ચરથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ત્યારે ફરીથી એકવાર ઘટેલી આવી ઘટનાએ દહેશત ઊભી કરી છે. ઓક્લાહોમાના તુલસા શહેરમાં બુધવારે એક હોસ્પિટલ પરિસરમાં આડેધડ ફાયરિંગમાં ૪ લોકોએ જીવ ગુમાવ્યા. ફાયરિંગમાં હુમલાખોર પણ માર્યો ગયો છે. સીએનએનના રિપોર્ટ મુજબ તુલસા પોલીસને એવી સૂચના મળી કે સેન્ટ ફ્રાન્સિસ હોસ્પિટલ પરિસરમાં બનેલી નતાલી મેડિકલ બિલ્ડિંગમાં ડોક્ટરની ઓફિસમાં એક વ્યક્તિ રાઈફલ લઈને ઘૂસ્યો છે. સૂચના મળતા જ પોલીસ તરત ઘટનાસ્થળે પહોંચી પરંતુ ત્યાં સુધીમાં તો હુમલાખોર ઘટનાને અંજામ આપી ચૂક્યો હતો. ફાયરિંગ કર્યા બાદ શૂટરે પોતાને પણ ગોળી મારી. હુમલાખોરની હજુ સુધી ઓળખ થઈ શકી નથી.

આ સમગ્ર ઘટના સંદર્ભે તુલસા પોલીસે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે સંદિગ્ધ યુવક પાસે એક લાંબી બંદૂક અને હેન્ડગન હતી. જો કે તેણે શાં માટે હુમલો કર્યો તે જાણી શકાયું નથી. હુમલાખોરે હોસ્પિટલના બીજા માળે ઘટનાને અંજામ આપ્યો. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનને પણ ઘટના અંગે જાણકારી આપવામાં આવી. રાષ્ટ્રપતિ સતત ઘટી રહેલી આવી ઘટનાઓથી ચિંતત છે. હાલમાં જ બાઈડેને ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી જેસિન્ડા અર્ડર્ન પાસે આવી ઘનાઓને પહોંચી વળવા માટે સલાહ માંગી હતી.

EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
બિઝનેસ
લોન
50* લાખ સુધી
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો
63599 00968

આવતીકાલથી શરૂ થતી સાંજની બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

કેસર કેરી
કચ્છ અને ગીરના ખેડૂતો દ્વારા
કેસર કેરીનું સીધું વેચાણ
સ્થળ : ગેટ નં.૨, કૃષિભવન, સુમન ટાવર સામે, ગાંધીનગર